# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 18-10-2024 Evening : 7.50 to 8.00
Day : Firday National News

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 'સરળ શાસન, ઝડપી નિર્ણય અને શાસનમાં પારદર્શકતાના કારણે NDA શાસિત રાજ્યોમાં રોકાણકારોને મદદ મળી

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે "કર્મયોગી સપ્તાહ – રાષ્ટ્રીય શિક્ષણ સપ્તાહ"નો પ્રારંભ કરાવશે

3) સર્વોચ્ચ અદાલતે દેશમાં બાળ લગ્નને રોકવાના કાયદાનો અસરકારક અમલ માટે દિશાનિર્દેશ જાહેર કર્યા

4) ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ કહ્યું, 'રાજ્યમાં ટૂંક સમયમાં સમાન નાગરિકતા ધારો લાગુ થશે'

5) દક્ષિણ ભારતના કેટલાંક રાજ્યોમાં આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન ભારે વરસાદની આગાહી

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM NDA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ‘સરળ શાસન, ઝડપી નિર્ણય લેવા અને શાસનમાં પારદર્શકતાએ રોકાણકારોને N.D.A. શાસિત રાજ્યોમાં રોકાણ કરવામાં મદદ કરી છે.’ ચંદીગઢમાં ગઈકાલે N.D.A. નેતાઓની બેઠકને સંબોધિત કરતા પ્રધાનમંત્રીએ આમ જણાવ્યું હતું. શ્રી મોદીએ જાહેર મૈત્રીપૂર્ણ, સક્રિય સુશાસનના વિચાર પર વિસ્તૃત ચર્ચા કરી હતી. હરિયાણામાં જીતને મહત્વની અને ઐતિહાસિક ગણાવતા શ્રી મોદીએ કહ્યું, ‘NDAએ સમાજના દરેક વર્ગનો વિશ્વાસ અને સમર્થન મેળવ્યું છે.’

દરમિયાન ભારતીય સંવિધાનના નિર્માણની 75મી વર્ષગાંઠ નિમિત્તે “સંવિધાનના અમૃત મહોત્સવ” તરીકે ઉજવવાના વિષય અંગે વધુ એક ઠરાવ પસાર કરાયો હતો. બેઠક દરમિયાન વર્ષ 2025ને લોકતંત્રની હત્યાના 50મા વર્ષ તરીકે મનાવવાનો સંકલ્પ પસાર કરાયો. ઉપરાંત ભગવાન બિરસા મુંડા અને સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જયંતિ તેમજ આવતા વર્ષે અટલ બિહારી વાજપેયીની જન્મ શતાબ્દી ઉજવવાનો સંકલ્પ લેવાયો.

# KARMAYOGI SAPTAH PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે “કર્મયોગી સપ્તાહ – રાષ્ટ્રીય શિક્ષણ સપ્તાહ”નો પ્રારંભ કરાવશે. આ સપ્તાહ અંતર્ગત દરેક કર્મયોગીએ ઓછામાં ઓછા ચાર કલાકની યોગ્યતા સાથે જોડાયેલ શિક્ષણ પ્રાપ્ત કરવું પડશે. આ માટે મંત્રાલયો અને વિભાગ ક્ષેત્ર-વિશિષ્ય ક્ષમતાઓને વધારવા માટે વર્કશૉપ અને સેમિનારનું આયોજન કરશે.

રાષ્ટ્રીય શિક્ષણ સપ્તાહ - NLW વ્યક્તિગત સહભાગીઓ, મંત્રાલયો, વિભાગો અને સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રકારના જોડાણ દ્વારા શીખવા માટે સમર્પિત રહેશે. NLW દરમિયાન દરેક કર્મયોગી ઓછામાં ઓછા 4 કલાકની યોગ્યતા-સંબંધિત શિક્ષણનું લક્ષ્ય હાંસલ કરવા પ્રતિબદ્ધ રહેશે.

પ્રતિભાગીઓ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા iGOT, જાહેર વ્યાખ્યાનો પૉલીસી માસ્ટરક્લાસ જેવા વેબિનાર્સ પર વ્યક્તિગત ભૂમિકા-આધારિત મોડ્યુલોના મિશ્રણ દ્વારા લક્ષ્યાંકિત કલાકો પૂર્ણ કરી શકે છે.

# BIHAR BYPOLL NOTIFICATION

બિહારમાં ચાર વિધાનસભાની બેઠકોની પેટા ચૂંટણી માટે આજે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ સાથે જ ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા પણ શરૂ થઈ છે. રાજ્યની ઈમામગંજ, બેલાગંજ, રામગઢ અને તરારી એમ ચાર વિધાનસભા મતવિસ્તારમાં આગામી 13 નવેમ્બરે મતદાન થશે. આ પેટા-ચૂંટણી માટે 25 ઑક્ટોબર સુધી ઉમેદવારીપત્ર દાખલ કરી શકાશે. જ્યારે 30 ઑક્ટોબરે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે. જ્યારે 23 નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે.

# GOVT ARBITRATION BILL

સરકારે મધ્યસ્થી અને સમાધાન સુધારા ખરડો 2024ના ડ્રાફ્ટ અંગે સૂચનો માગ્યા છે. કાયદા અને ન્યાય મંત્રાલયે જણાવ્યું કે, ‘સરકારે દેશમાં વિવાદના નિરાકરણની વ્યવસ્થાને મજબૂત કરવા અને વેપાર સરળતા માટે અનેક પગલાં લીધા છે. કાયદાકીય બાબતોનું વિભાગ હાલમાં મધ્યસ્થી અને સમાધાન અધિનિયમ 1996માં વધુ સુધારા કરવાની પ્રક્રિયામાં છે.’

આ ખરડાનો ઉદ્દેશ સંસ્થાકીય મધ્યસ્થીને પ્રોત્સાહન આપવું, મધ્યસ્થીમાં અદાલતનો હસ્તક્ષેપ ઘટાડવા અને મધ્યસ્થી પ્રક્રિયાને નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવાનો સમાવેશ થાય છે. વિભાગે આવતા મહિનાની ત્રણ તારીખ સુધીમાં આ ડ્રાફ્ટ પર સામાન્ય લોકો પાસેથી સૂચનો માગ્યા છે.

# SC CHILD MARRIAGE

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમને અંગત કાયદાઓ દ્વારા અટકાવી ન શકાય. અદાલતે કહ્યું કે, બાળ લગ્ન જીવનસાથી જાતે પસંદ કરવાના અધિકારનું ઉલ્લંઘન કરે છે. ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચુડ, ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની ખંડપીઠે દેશમાં બાળ લગ્નને રોકવાના કાયદાને અસરકારક રીતે અમલ માટે દિશાનિર્દેશ પણ જાહેર કર્યા છે.

ન્યાયમૂર્તિ ડી. વાય ચંદ્રચુડે કહ્યુંકે, અંગત કાયદાઓ બાળ લગ્ન રોકવાના ઉદ્દેશ્યથી બનાવવામાં આવેલા રાષ્ટ્રીય કાયદાના અમલીકરણમાં અવરોધ ન હોવા જોઈએ. સંબંધિત અધિકારીઓએ બાળ લગ્નને અટકાવવા અને સગીરવયના લોકોનું રક્ષણ કરવા અંતિમ ઉપાય તરીકે ગુનેગારોને સજા આપવી જોઈએ. ખંડપીઠે ઉમેર્યું કે, બાળ લગ્ન પરપ્રતિબંધ મૂકતા કાયદામાં કેટલીક ખામીઓ છે. બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ 2006 બાળ લગ્નને રોકવા અને નાબૂદ કરવા માટે બનાવવામાં આવ્યો હતો. આ અધિનિયમે વર્ષ 1929ના બાળ લગ્નપ્રતિબંધ કાયદાની જગ્યાએ આવ્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો...

# EVE PRESIDENT MALAWI VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે મલાવીના રાષ્ટ્રપ્રમુખ લજારસ ચાકવેરા સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. રાષ્ટ્રપતિએ પ્રતિનિધિમંડળ સ્તરનો સંવાદ પણ કર્યો હતો. આ પ્રસંગે કળા અને સંસ્કૃતિ, રમતગમત, યુવા બાબતો અને દવા-ઔષધ ક્ષેત્રમાં ચાર સમજૂતી કરાર પર હસ્તાક્ષર પણ કરાયા હતા. રાષ્ટ્રપતિએ મલાવીના રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકની મુલાકાત લીધી હતી. ભારતે મલાવીને એક હજાર ટન ચોખાનો પૂરવઠો પૂરો પાડવાની પણ જાહેરાત કરી હતી.

# PM RUSSIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 22 ઑક્ટોબરથી રશિયાના 2 દિવસના પ્રવાસે જશે. તેઓ 16મા બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા દેશના બ્રિક્સ સંમેલનમાં ઉપસ્થિત રહેશે. કઝાનમાં યોજાનારા આ બ્રિક્સ સંમેલનનો વિષય વૈશ્વિક વિકાસ અને સલામતી માટે બહુ પક્ષવાદને મજબૂત કરવાનો છે.

આ સંમેલન મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવા માટેએક મહત્વનું મંચ પૂરું પાડશે. તેમજ બ્રિક્સ દેશો દ્વારા શરૂ કરાયેલી પહેલની સ્થિતિનું મૂલ્યાંકન કરવા અને ભવિષ્યમાં સહયાગો માટે સંભવિત ક્ષેત્રોની ઓળખ કરવાની તક પણપૂરી પાડશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, ‘આ પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રિક્સ સભ્ય દેશોના પોતાના સમકક્ષો અને આમંત્રિત નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરેતેવી શક્યતા છે.’

# KARNATAKA MURUGAN

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ. મુરૂગને આજે બેંગ્લોરમાં મંત્રાલય હેઠળ કાર્યરત્ મીડિયા એકમોની પ્રવૃત્તિઓની સમીક્ષા કરી. તેમણે ખેડૂતો, મહિલાઓ અને વિદ્યાર્થીઓ માટે ચલાવવામાં આવતા કાર્યક્રમોની માહિતી માગી હતી. શ્રી મુરૂગને એક સામાન્ય સામગ્રી એકમ બનાવવાની સલાહ આપી, જે પત્ર સૂચના કાર્યાલય – P.I.B., દૂરદર્શન, આકાશવાણી અને મંત્રાલયના અન્ય એકમોની સાથે માહિતી શેર કરી શકે. તેમણે દૂરદર્શન અને આકાશવાણીને મહત્વપૂર્ણ મંદિરોમાં થઈ રહેલી પ્રવૃત્તિઓનું કવરેજ કરવા પણ કહ્યું.

શ્રી મુરૂગને કહ્યું કે, લોકપ્રસાર કે મહત્વના મુદ્દાઓ પર પ્રખ્યાત હસ્તિઓ અને વરિષ્ઠ રાજકીય નેતાઓના વિચાર જાણવા જોઈએ. તેમજ વર્તમાન મુદ્દાઓ પર ચર્ચાનું આયોજન કરવું જોઈએ. તેમણે અધિકારીઓને પોતાના પ્રતિનિધિત્વવાળા સંગઠનોમાં એક ટીમ તરીકે કામ કરવાનો પણ આગ્રહ કર્યો હતો. આ પહેલા આજે શ્રી મુરૂગને રાજ્યપાલ થાવરચંદ ગેહલોત સાથે પણ મુલાકાત કરી હતી.

# NATIONAL SCHOLARSHIP EXTENTION

સરકારે વર્ષ 2024-25 માટે તેજસ્વી વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પૉર્ટલની છેલ્લી તારીખ આ મહિનાની 31 તારીખ સુધી વધારી દીધી છે. “નેશનલ મેઇન્સ કમ મેરિટ સ્કૉલરશીપ” યોજના અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને શાળા છોડવા માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આનાથી વિદ્યાર્થીઓને ધોરણ 12 સુધી શિક્ષણ પૂર્ણ કરવામાં મદદ મળે છે.

રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પૉર્ટલ પર વિદ્યાર્થીઓની અરજી આ વર્ષે 30 જૂનથી શરૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેળવવા માટે રાજ્ય તથા કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારો દ્વારા સંચાલિત પરીક્ષામાં ઉત્તીર્ણ થવું પડે છે. દર વર્ષે ધોરણ નવના એક લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. દરેક વિદ્યાર્થીને દર વર્ષે 12 હજાર રૂપિયા મળે છે.

# UTTARAKHAND UCC

ઉત્તરાખંડના પૂર્વ મુખ્ય સચિવ શત્રુધ્ન સિંહની અધ્યક્ષતામાં બનેલી U.C.C. નિયમ અને અમલીકરણ સમિતિએ આજે સચિવાલય ખાતે મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીને તેમનો મુસદ્દો અહેવાલ સોંપ્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, 'મંત્રીમંડળની મંજૂરી બાદ ટૂંક જ સમયમાં સમાન નાગરિકતા ધારો એટલે કે, યુનિફોર્મ સિવિલ કોડ – UCC રાજ્યમાં લાગુ થઈ જશે.'

શ્રી ધામીએ ભારપૂર્વક કહ્યું કે, 'આ કાયદો દરેક લોકોની સમાનતા માટે છે. આનાથી કોઈએ ડરવાની જરૂર નથી.' સમાન નાગરિકતા ધારો નિયમ મુખ્યત્વે ચારભાગમાં છે. આમાં વિવાહ અને છૂટાછેડાની નોંધણી, લગ્ન વગર સાથે રહેવા એટલે કે લિવ-ઇન રિલેશનશીપ, જન્મ અને મૃત્યુ નોંધણી તેમજ ઉત્તરાધિકાર સાથે જોડાયેલા નિયમો સાથે સંકળાયેલી પ્રક્રિયાઓનો ઉલ્લેખ છે.

# IMD RAINFALL

ભારતીય હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને કર્ણાટકમાં ભારે વરસાદ આગાહી વ્યક્ત કરી છે. રવિવાર અને સોમવારે આંદમાન અને નિકોબાર દ્વિપસમૂહમાં પણ ભારે વરસાદની શક્યતા છે. જ્યારે 23 અને 24 ઑક્ટોબરે ગંગાના પશ્ચિમ બંગાળ અને ઑડિશામાં પણ ભારે વરસાદની સંભાવના છે.

# INDIA NEWZEALAND CRICKET

બેંગલુરમાં રમાઈ રહેલી ત્રણ ટેસ્ટ મેચ શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે ભારતે પોતાની બીજી ઇનિંગમાં ત્રણ વિકેટે 231 રન કર્યા છે. અત્યાર સુધી વિરાટ કોહલીએ સૌથી વધારે 70 રન બનાવ્યા છે. જ્યારે સુકાની રોહિત શર્માએ 52 અને યશસ્વી જયસ્વાલે 35 રન બનાવ્યા હતા. સરફરાઝ ખાને અણનમ 70 રન બનાવ્યા છે.

# HARIYANA CM CABINET

હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈની અને તેમના મંત્રીમંડળના સહયોગીઓએ આજે કાર્યભાર સંભાળ્યો છે.

મુખ્યમંત્રીએ કહ્યું, ‘મંત્રીઓને ટૂંક સમયમાં વિભાગની ફાળવણી કર્યા બાદ વિભાગ મુજબ તેમની જવાબદારી નક્કી કરાશે.’